મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

G NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૩-૦૬-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૬૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## શહેરના મેઘાણીનગર આઈજીપી કમ્પાઉન્ડમાં ૧૭૧-એર ઇન્ડિયા બોઇંગ પ્લેન ક્રેશ થયું

# અમદાવાદમાં એર ઇન્ડિયાના પ્લેન ક્રેશમાં પૂર્વ CM વિજય રૂપાણીનું નિધન

## લંડન જતી ફ્લાઇટમાં ૨૪૨ પેસેન્જર સવાર હતા, મોતનો માતમ, અરેરાટી

### ક્રેશ બાદ પ્રચંડ વિસ્ફોટ સાથે વિમાન અગનગોળો બન્યુ, એર ઈન્ડિયાનું વિમાન લંડન જતુ હતુ

### યુદ્ધના ધોરણે રાહત-બચાવ કામગીરી- એનડીઆરએફની ચાર ટીમો- એનએસજી ટીમ ઉતારાઈ

### વિમાનમાં સવાર મોટાભાગના લોકો ગુજરાત-બ્રિટનના બાવન નાગરિકો પણ હોવાનો નિર્દેશઃએરપોર્ટથી માંડીને હોસ્પીટલમાં અફડાતફડી

### એરપોર્ટ પાસે રહેણાંક વિસ્તારમાં તૂટી પડતા ખાનગી માલ-મિલ્કતોને પણ મોટુ નુકશાન થવા પામ્યુ

(ગરવી તાકાત) અમદાવાદ,તા.૧૨

અમદાવાદ એરપોર્ટ પાસે આજે બપોરે ભયાનક વિમાની દુર્ઘટના સર્જાઈ હતી. અમદાવાદથી લંડન જતુ એરઈન્ડીયાનુ એઆઈ ૧૭૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત બન્યુ હતું. ૨૪૨ પ્રવાસીઓ સાથેનુ આ વિમાન ટેક ઓફના પાંચ મીનીટમાં જ તૂટીને અગનગોળો બની ગયુ હતું જેમાં મોટી જાનખુવારી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. યુદ્ધના ધોરણે રાહત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતમાં દાયકાઓ બાદ વિમાની દુર્ઘટના સર્જાઈ છે. આજે બપોરે ૧.૩૮ વાગ્યે એર ઈન્ડીયાની ઈન્ટરનેશનલ ફલાઈટે અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભરી હતી અને ગણતરીની મીનીટોમાં જ તૂટી પડયુ હતું.

ડીરેકટોરેટ જનરલ ઓફ સીવીલ એવીએશન દ્વારા પ્રાથમીક માહિતીમાં એમ જણાવવામાં આવ્યું છે કે ટેક ઓફ થયાના પાંચ જ મીનીટમાં તે તૂટી પડયુ હતું. વિમાનમાં ૨૩૨ પ્રવાસી તથા ૧૦ ક્રુ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા.

વિમાનમાં ગુજરાતી પ્રવાસીઓની મોટી સંખ્યા હોવાના નિર્દેશ મળ્યા છે. આ સિવાય બ્રિટનના બાવન પોર્ટુગલના છ તથા કેનેડાના એક નાગરિક હોવાનું બહાર આવ્યુ છે.

વિમાન દુર્ઘટનાની જાણ થતાની સાથે જ સરકાર-તંત્ર એકશનમાં આવી ગયુ હતું. લોકલ ફાયરબ્રિગેડ, પોલીસ, આરોગ્ય ટીમો ઉપરાંત એનડીઆરએફની ચાર ટીમોને પણ તાત્કાલીક ઉતારવામાં આવી હતી. વ્યવસ્થા સંભાળતા એનએસજી તથા અર્ધલશ્કરી દળોને પણ તૈનાત કરી દેવાયા હતા.

એરપોર્ટને અડીને જ આવેલા વિસ્તારમાં વિમાન તૂટી પડયુ હતું અને તે સાથે પ્રચંડ બ્લાસ્ટ થયો હતો અને વિમાન ભીષણ આગની લપેટમાં આવીને સળગી ઉઠયુ હતું.

રહેણાંક વિસ્તારમાં દુર્ઘટના થતા ત્યાં વસવાટ કરતા લોકોમાં પણ નાસભાગ થઈ હતી ત્યાં પણ જાનમાલને વ્યાપક નુકશાન હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

વિમાન દુર્ઘટનાને પગલે એરપોર્ટથી માંડીને હોસ્પીટલો સુધી અફડાતફડી મચી હતી. વિમાનમાં પ્રવાસ કરનારા લોકોના સગાસંબંધીઓ મોટી સંખ્યામાં અફડાતફડી તથા અરાજકતાનો માહોલ સર્જાયો હતો. વ્યવસ્થા જાળવવાનું સુરક્ષાતંત્ર માટે પડકારરૂપ બન્યુ હતું.

વિમાન દુર્ઘટનાને પગલે કેન્દ્રથી માંડીને ગુજરાતના નેતાઓ પણ અમદાવાદ પહોંચવા લાગ્યા હતા. કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી અમદાવાદ આવવા રવાના થયા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ બારડોલીનો પ્રવાસ રદ કરીને અમદાવાદ પહોંચ્યા હતા.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દુર્ઘટના પર શોક દર્શાવ્યો હતો અને યુદ્ધના સ્તરે રાહત-બચાવ કામગીરીનો આદેશ કર્યો હતો. બચાવ કામગીરીને પ્રાથમીકતા આપવા સૂચના આપી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ મુખ્યમંત્રી સાથે ટેલીફોનિક વાતચીત કરી હતી.





**અર્ધ લશ્કરી દળોને તૈનાત કરાયા : એનડીઆરએફની ટીમો ઉતારાઈ**

અમદાવાદમાં વિમાન ક્રેશની ઘટનાને પગલે કેન્દ્ર સરકાર પણ સ્તબ્ધ બની હતી. રાહત-બચાવથી માંડીને તમામ કાર્યવાહી યુદ્ધના ધોરણે હાથ ધરવાની સુચના આપી હતી. દુઘર્ટના સ્થળ તથા હોસ્પીટલો સહિતના સ્થળોએ સુરક્ષાથી માંડીને તમામ પ્રકારની વ્યવસ્થા જાળવવા માટે અર્ધલશ્કરી દળોને તૈનાત કરવાના આદેશ કરવામાં આવ્યા હતા. જેને પગલે જરૂરી આદેશ કરાયા હતા. ઉપરાંત રાહત-બચાવ કામગીરી માટે એનડીઆરએફની ટીમોને ઉતારવામાં આવી હતી. એનએસજીની ટીમને પણ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી.

## શબ્દોમાં વર્ણવી ન શકાય તેટલું દુઃખ : અમદાવાદ દુર્ઘટના વિશે નરેન્દ્ર મોદીએ ઉંડો શોક દર્શાવ્યો

નવી દિલ્હી, તા. ૧૨

અમદાવાદની વિમાની દુર્ઘટનાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને રાજકીય નેતાઓએ ઉંડુ દુઃખ દર્શાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે શબ્દોમાં વર્ણવી ન શકાય તેવી આ દુર્ઘટનાનું દુઃખ છે.

અમદાવાદમાં ગુજરાત સરકાર તથા ઉડ્ડયન વિભાગ સાથે સતત સંપર્કમાં છે ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ સતત વાતચીત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ આવવા રવાના થઈ ગયા છે. ઉપરાંત ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ પણ અમદાવાદ પહોંચી રહ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જ દુર્ઘટનામાં રાહત બચાવ કામગીરી પર દેખરેખ રાખવા માટે બંને સીનીયર પ્રધાનોને અમદાવાદ જવાની સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટથી ટેક ઓફ થયાની ગણતરીની મીનીટોમાં જ એર ઈન્ડિયાનું લંડન જતું વિમાન ક્રેશ થઈ ગયું હતું અને તેમાં જાનખુવારીની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

## વિમાન રહેણાંક ઇમારત પર તૂટી પડયું તેનો અંદરનો ભાગ કચ્ચરઘાણ



અમદાવાદ એરપોર્ટ સંકુલની બહાર આવેલા મેઘાણીનગરના રહેણાંક વિસ્તારમાં એર ઇન્ડિયાનું વિમાન તૂટી પડયું હતું. આ દુર્ઘટનાના પગલે રહેણાંક ઇમારતનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઇમારતની અંદરના ભાગો પણ ધ્વસ્ત થયા હોય તે તસ્વીરમાં જોઇ શકાય છે. મેડીકલ કોલેજની હોસ્ટેલની આ ઇમારત હોવાનું બહાર આવ્યું છે જેમાં પણ કેટલાક વિદ્યાર્થીઓના મોત નિપજયા હોવાની આશંકા વ્યકત થઇ રહી છે.

## દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં ૧૬૯ ભારતીયો, ૫૩ બ્રિટીશ, ૧ કેનેડીયન અને ૭ પોર્ટુગીઝ નાગરિકો પ્રવાસ કરતા હતા

એર ઈન્ડીયાએ આજે અમદાવાદમાં સર્જાયેલી દુઘર્ટના અંગે સતાવાર માહીતી જાહેર કરી છે. જેમાં જણાવ્યું છે કે અમદાવાદથી લંડન જતી ફલાઈટ ૧૩.૩૮ કલાકે એટલે કે બપોરે ૧.૩૮ રન-વે નંબર ૨૧ ઉપરથી રવાના થઈ હતી. જેમાં ૨૪૨ મુસાફરો હતા. આ મુસાફરોમાં ૧૬૯ ભારતીયો, ૫૩ બ્રિટીશ નાગરીકો, ૧ કેનેડીય અને ૭ પોર્ટુગીઝ નાગરીકો હતા. એર ઈન્ડીયાએ આ દુઘર્ટના અંગે એક હેલ્પલાઈન જાહેર કરી છે. જેનો નંબર ૧૮૦૦ ૫૬૯૧ ૪૪૪ છે. એર ઈન્ડીયાએ જાહેર કર્યું છે કે તેનાં એકસ હેન્ડલ પરથી પણ તમામ માહિતીઓ સતત આપવામાં આવતી રહેશે.આ ઉપરાંત મીડીયા રીલેટેડ માહિતી માટે ફોન નં.૯૧ ૯૮૨૧૪ ૧૪૯૫૪ જાહેર કરાયા છે.



## દુર્ઘટના સ્થળે માત્ર કાટમાળ અને વેરાયેલા મૃતદેહો : આકાશમાં ધુમાડાના ગોટેગોટા

અમદાવાદ એરપોર્ટ પર સર્જાયેલી વિમાની દુર્ઘટના બાદ દુર્ઘટના સ્થળથી માંડી હોસ્પિટલ સુધી સર્વત્ર અફડાતફડી અને અરાજકતાનો માહોલ સર્જાયો હતો. વિમાન ક્રેશ થયા બાદ આગની લપેટમાં આવી ગયું હતું અને દુર્ઘટના સ્થળે માત્ર કાટમાળ જ વધ્યો હોવાનું ચિત્ર ઉપસતું હતું. પ્લેન ક્રેશ થયા બાદ આકાશમાં જાણે કે ધુમાડાના વાદળો સર્જાયા હતા.તાબડતોબ રાહત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હોવા છતાં સળગતા વિમાનમાંથી પ્રવાસીઓ ક્રુ મેમ્બરોને બચાવવાનું અને બહાર કાઢવાનું પણ પડકારરૂપ બની ગયું હતું અને થોડો વખત માહોલ અરાજકતાભર્યો બની રહ્યો હતો. સુરક્ષા સહિતના વિભાગો દ્વારા તાત્કાલીક પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી છતાં દુર્ઘટના સ્થળે વિમાનના કાટમાળ અને વેરાયેલા મૃતદેહો જ નજરે ચડતા હતા. વિમાન જયાં તૂટી પડયું એ રહેણાંક વિસ્તારમાં પણ ઇમારતોને પણ વ્યાપક નુકસાન હોવાના સંકેત છે.









## પાઈલોટે મેડે સંદેશ મોકલ્યો પણ બચાવની કોઈ તક જ મળી ન હતી, વિમાનના કેપ્ટન સુમીત સંભરવાલ ૮૨૦૦ કલાકનો ઉડ્ડયન અનુભવ ધરાવતા હતા

આજે એરઈન્ડીયાના લંડન જતા વિમાનને નડેલી દુર્ઘટનામાં વિમાનનું સંચાલન સંભાળી રહેલા કેપ્ટન સુમીત સભરવાલ ૮૨૦૦ કલાકનો ફલાઈંગ અનુભવ ધરાવે છે અને કો-પાઈલોટ પાસે ૧૧૦૦ કલાકનો વિમાની ઉડ્ડયનના અનુભવ ધરાવે છે.આ વિમાન બપોરે ૧૧.૩૯ કલાકે અમદાવાદથી રવાના થયુ હતુ. રનવે નંબર-૨૩ પરથી વિમાનને ટેક ઓફની મંજુરી અપાઈ હતી. વિમાન રવાના થયાના પાઈલોટે મેડે તાકીદની મદદનો સંદેશ કંટ્રોલ ટાવર પર આવ્યો હતો.મેડે એક આંતરરાષ્ટ્રીય તાકીદનો સંદેશ છે. જેમાં વિમાન કે જહાજના કેપ્ટન તેઓ અત્યંત ખતરામાં છે તેવો સંદેશ આપે છે અને તાકીદની મદદની જરૂર દર્શાવે છે. જો કે વિમાનને મદદ મળે તે પુર્વે જ વિમાન ક્રેશ થઈ ગયુ હતું.




# ટોઈલેટમાં મોબાઈલ કથા

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. ઘણા લોકો માટે ટોયલેટમાં પણ મોબાઈલ લઈ જવો એક સામાન્ય ટેવ બની ગઈ છે. જોકે, આ ટેવ આરોગ્ય, સ્વચ્છતા અને માનસિક સ્થિતિ પર નોંધપાત્ર હાનિકારક અસરો કરી શકે છે.

૧. સ્વચ્છતા અને બેક્ટેરિયાનું જોખમ

ટોયલેટ એ એક એવું સ્થળ છે જ્યાં બેક્ટેરિયા અને જંતુઓનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. ફ્લશ કરતી વખતે, નાના નાના પાણીના ટીપાં હવામાં ફેલાય છે, જેમાં ફેકલ બેક્ટેરિયા (જેમ કે ઈ. કોલાઈ) હોઈ શકે છે. આ ટીપાં મોબાઈલ ફોનની સપાટી પર સરળતાથી જમા થઈ શકે છે. સંશોધન દર્શાવે છે કે મોબાઈલ ફોનની સપાટી પર ટોયલેટ સીટ કરતાં ૧૦ ગણા વધુ બેક્ટેરિયા હોઈ શકે છે, ખાસ કરીને જો તેને ટોયલેટમાં નિયમિત લઈ જવામાં આવે. આ બેક્ટેરિયા હાથ, ચહેરા અને મોઢા દ્વારા શરીરમાં પ્રવેશી શકે છે, જેનાથી ચેપ, પેટના રોગો અને અન્ય આરોગ્ય સ સમસ્યાઓનું જોખમ રહે છે.

ઉદાહરણ તરીકે, યુનિવર્સિટી ઓફ એરિઝોનાના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે ૯૦%થી વધુ મોબાઈલ ફોન પર હાનિકારક બેક્ટેરિયા હોય છે, જેમાંથી મોટાભાગના ટોયલેટ જેવા અસ્વચ્છ વાતાવરણમાંથી આવે છે. મોબાઈલ ફોનને નિયમિત સાફ ન કરવામાં આવે તો, તે બેક્ટેરિયાનો સ્ત્રોત બની શકે છે, જે ખાસ કરીને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી છે.

૨. શારીરિક આરોગ્ય પર અસર

ટોયલેટમાં મોબાઈલ ફોનનો ઉપયોગ લાંબા સમય સુધી બેસવાની ટેવને પ્રોત્સાહન આપે છે, જે શારીરિક આરોગ્ય માટે હાનિકારક છે. લાંબા સમય સુધી ટોયલેટ સીટ પર બેસવાથી હેમોરોઈડ્સ (પાઈલ્સ) અને ગુદામાર્ગ સંબંધિત સમસ્યાઓનું જોખમ વધે છે. ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ ડૉ. અનિશ શેઠના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી બેસવાથી ગુદામાર્ગ પર દબાણ વધે છે, જે હેમોરોઈડ્સનું કારણ બની શકે છે. વધુમાં, મોબાઈલની સ્ક્રીન પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આંખો પર તાણ આવે છે અને ડિજિટલ આઈ સ્ટ્રેન (ર્જીદ્બૈં દૈજૈંહ જઅહઙ્ઘિદ્બી) ની સમસ્યા થઈ શકે છે, જેમાં આંખોમાં દુખાવો, શુષ્કતા અને ઝાંખું દ્રષ્ટિ જેવા લક્ષણો જોવા મળે છે.

૩. માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા

મોબાઈલ ફોનનો ટોયલેટમાં ઉપયોગ માનસિક આરોગ્ય અને ઉત્પાદકતા પર પણ નકારાત્મક અસર કરે છે. મોબાઈલની સ્ક્રીન પર ધ્યાન આપવાથી વ્યક્તિનું મગજ સતત સક્રિય રહે છે, જે આરામની ક્ષણોને ઘટાડે છે. સાયકોલોજિસ્ટ ડૉ. લેરી રોસેનના મતે, સતત સ્ક્રીનના સંપર્કમાં રહેવાથી તણાવનું સ્તર વધે છે અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટે છે. ટોયલેટમાં મોબાઈલનો ઉપયોગ ઘણીવાર સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ અથવા ગેમિંગમાં સમયનો વ્યય કરે છે, જે ઉત્પાદકતાને અસર કરે છે અને દિવસની શરૂઆતને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે.

૪. મોબાઈલ ફોનને નુકસાનનું જોખમ

ટોયલેટમાં મોબાઈલ લઈ જવાથી ફોનને શારીરિક નુકસાન થવાનું જોખમ પણ રહે છે. આકસ્મિક રીતે ફોન ટોયલેટમાં પડી જવો, પાણીથી ભીંજાવું અથવા સખત સપાટી પર પડવાથી તેની સ્ક્રીન તૂટી શકે છે. આવા નુકસાનથી આર્થિક ખર્ચ વધે છે, જે ટાળી શકાય તેવું હોય છે.

ટોયલેટમાં મોબાઈલ લઈ જવાની આદતને રોકવા માટે અનેક અસરકારક ઉપાયો અપનાવી શકાય છે. સૌપ્રથમ, લોકોએ આ આદતની હાનિકારક અસરો, જેમ કે બેક્ટેરિયલ ચેપ અને શારીરિક સમસ્યાઓ, વિશે જાગૃત થવું જોઈએ અને ટોયલેટનો ઉપયોગ ઝડપથી પૂર્ણ કરવા મોબાઈલને બહાર રાખવાની આદત વિકસાવવી જોઈએ. જો મોબાઈલ ટોયલેટમાં લઈ જવામાં આવે, તો તેની નિયમિત સફાઈ આલ્કોહોલ-આધારિત વાઈપ્સથી કરવી જરૂરી છે, જેથી બેક્ટેરિયાનો ફેલાવો ટાળી શકાય.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# રાજ્યમાં પાણી પૂરતા પ્રમાણમાં, ૨૦૭ જળાશયોમાં ૪૪ ટકા પાણી

ગાંધીનગર,તા.૧૨

ગયા વર્ષે સર્વવ્યાપી અને પૂરતા વરસાદને કારણે આ વર્ષે ચોમાસાના આગમનની અપેક્ષા વચ્ચે, હાલની સ્થિતિ એવી છે કે સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતાના ૪૪.૧૮ ટકા પાણી ઉપલબ્ધ છે. હાલમાં, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર પ્રોજેક્ટમાં કુલ સંગ્રહ ક્ષમતાના ૫૩.૦૪ ટકા પાણી ઉપલબ્ધ છે, જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જળ સંસાધન વિભાગ, ગાંધીનગરની યાદી મુજબ, ગયા વર્ષે આ સમયે, એટલે કે ૧૦ જૂન, ૨૦૨૪ ના રોજ, રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૦.૮૧ ટકા પાણીનો સંગ્રહ ઉપલબ્ધ હતો. આ ઉપરાંત મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૩.૨૫ ટકા, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયોમાં ૨૭.૫૭ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે સુજલામ, સુફલામ જળસંચય અભિયાન, નલ સે જલ અભિયાન જેવા અનેક અભિયાનો શરૂ કર્યા હોવાથી ગુજરાત વોટર મેનેજમેન્ટ સેક્ટરમાં આત્મનિર્ભર બન્યું છે.


# અમદાવાદ પ્લેન દુર્ઘટનાના મુસાફરોના નામોની યાદી : ૧૨ બાળકોનો સમાવેશ

(ગરવી તાકાત)અમદાવાદ તા.૧૨

અમીન એ., અમીન સુભાષચંદ્ર, નંદા નેહા પ્રમુખ, નંદા પ્રમુખ પ્રવેશ, નંદા પ્રયાસ પ્રમુખ, પાયલ બેબીબેન કુબેરભાઈ, પટેલ દિલીપભાઇ, પટેલ કે. ,પટેલ કે., પટેલ મીના દિલીપભાઇ, પટેલ એસ., રૂપાણી વિજયભાઈ રમણીકલાલ, સોની અલ્પા નિશિત, સોની સ્વપ્રિલ, સોની યોગા, અઘેડા વલ્લભભાઈ નાગજી, અઘેડા વીણાબેન વલ્લભભાઈ, અમૃતલાલ માનવ, અવૈયા એચ., બાબુ મનીષ, બાગૌને ચંદુ, બક્ષી ધીર, બક્ષી વીર, ભાદોરીયા દીપેન્સી, ઇઈઈઅ શાંતુભાઈ, બ્રહ્મભટ્ટ જી., બ્રહ્મભટ્ટ કલ્યાણી ગૌરવ, સજ્ઞા વનિતા, ચૌધરી જૈમિનિબેન, ચૌધરી ધપ્પુબેન, ચૌધરી કમલેશભાઈ, ચૌહાણ આર., ચિથેનલાલા એ., ચોરવાડિયા અંકિતકુમાર, ચોવટીયા રવજી શંભુ, ચોવટીયા શારદાબેન રવજીભાઈ, ક્રિસ્ટેન એલ., ક્રિસ્ટેન આર., ક્રિસ્ટેન રેઝર ડેવિડ, ડાંગર એમ., ડાંગર નિરૂપમા રામભાઈ, દરજી પુષ્પાબેન રજનીકાંત, દરજી રજનીકાંત ચિમનલાલ, દયાની કે., દોશી ઇન્દ્રવદન શશીકાંત, દોશી જ્યોતિ ઇન્દ્રવદન, ફેઇઝન રફીક, ગજ્જર જયાબેન, ગોસ્વામી સંકેત અતુલગિરિ, ગિરીશ આદિવ, ગિરીશ તકશિવ, ગોઢાણીયા આર., ગોંડલીયા જે., ગોપાકુમારન નાયર, ગોસાઈ જીનલ, ગ્રીનલો એફ., હલાની બદરૂદ્દીન હસનાની, હલાની મલિકબેન, હલાની યાસ્મીન બદરૂદ્દીન, હરીગિનોટન અશ્વિન સુરેશ, હિરાણી રમેશ હીરજી, હીરપરા બાબુભાઈ લાલજી, હીરપરા વી., વોરા હરપ્રીત, જેથરા નુસરતજહાન, જુમુલાઈ બી., જુમુલાઈ આર., જોશી કામિનીબેન નીલેશ, જોશી મીરાયા, જોશી નકુલ, જોશી પ્રદયુત, જોશી પ્રતિક, કામદાર યશ, ખાટીક પાયલ સુરેશભાઈ, ખીમાણી અનિલ લાલજી, ખૂંટ નીલકુમાર, દેવજીભાઈ, લાલજી ગીરીશ, લાલવાણીયા અર્પણા, લાલવાણીયા નીરજ, મહેશ્વરી ભાવિક, મકવાણા એલસીના અલ્પેશ, મકવાણા એસ., માસ્ટર મહોમદ અદનાન, મિક જમૈયા, મહેતા મેઘા, મહેતા સુનિલ, મહેતા વર્ષા, મેનરૈયા પ્રકાશ, મેનરૈયા વર્દી ચાંદ, મેરવાણા રજનીકાંતભાઇ, મિસ્ત્રી સાજેદાબેન સલીમ, મિસ્ત્રી કે., મોઢા રક્ષા, મોઢા રૂદ્ર, મોદી બી., મોદી સગુન, મોદી શુભ, નાગર પજ્ઞા, નાનબવા અકીલ, નાનબવા એસ., પદારીયા મરિયમ, પડસાલા રિધ્ધિ, પાઘડાલ કે., પાઘડાલ એન., પાલખીવાલા સંજના, પંચાલ નિદ્રા રમણીકલાલ, પંચાલ ઉષા, પંડ્યા એચ., પંડ્યા એન. પરીહર અભિનવ, પરીખ ચૈતન્ય, પરમાર ભોગીલાલ, પરમાર હંસાબેન, પરમાર એન., પરમાર એસ., પટેલ એ., પટેલ અલ્તાફ હુસૈન, પટેલ એ., પટેલ અશોક, પટેલ બાબુભાઈ, પટેલ ભારતીબેન, પટેલ ભારતીબેન જશભાઈ, પટેલ બી., પટેલ ડી., પટેલ ડી., પટેલ દિનેશકુમાર, પટેલ દિપ્તીબેન, પટેલ દીર્ઘ પ્રડુલકુમાર, પટેલ દિવ્યાબેન, પટેલ દુષ્યંતકુમાર, પટેલ હર્ષિકાબેન, પટેલ હર્ષિત, પટેલ હસુમતી, પટેલ હિના, પટેલ હેમાંગીની, પટેલ જે., પટેલ જયંતિલાલ, પટેલ જયશ્રી, પટેલ જ્યોતિ, પટેલ કૈલાશભાઈ, પટેલ કે., પટેલ કિરીટકુમાર, પટેલ કોકિલાબેન, પટેલ કે., પટેલ મંજુલાબેન જગદીશભાઈ, પટેલ એમ., પટેલ મનાલી, પટેલ કુમુદભાઈ, પટેલ એન., પટેલ નિખિલકુમાર, પટેલ નીલકંઠ, પટેલ નિરાલી, પટેલ નીતાબેન, પટેલ પી., પટેલ પૂજા, પટેલ પ્રશાંતકુમાર, પટેલ પ્રવીણકુમાર, પટેલ પી., પટેલ પી., પટેલ રાધાબાઈ, પટેલ રજનીકાંત, પટેલ આર., પટેલ આર., પટેલ રંજનબેન, પટેલ રતિલાલ, પટેલ રેખાબેન, પટેલ રૂદ્ર, પટેલ રૂપલબેન, પટેલ સાહિલ સલીમ, પટેલ શશીકાંત, પટેલ શોભનાબેન, પટેલ સોમાભાઈ, પટેલ સની, પટેલ સુરેશ, પટેલ તરકીલાબેન, પટેલ ઉષાબેન, પટેલ વૈભવ, પટેલ વી., પટેલ વિનોદચંદ્ર, પાટીલ મયુર, પાટોલિયા એ., પવાર આશાબેન, પવાર મહાદેવ, પેસવારિયા વી., પ્રજાપતિ કે., પ્રમગી વશરામ, પુરોહિત આકાશકુમાર, રાજ વસુબેન, રાજ પુરોહિત ખુશ્બુ, રમેશ અજયકુમાર, રમેશ વિશ્વાસકુમાર, રાણા આનંદી, રાણા ભાવના, સકરીયા નરસિંહ, સૈયદ અનાયતલી, સૈયદ નફીસાબાનુ, સૈયદ તશકિમ, શાહ અમિત, સૈયદ વાકુઅલી, શાહ અમિત હિતેનભાઈ, શાહ હિતેનકુમાર ધીરજલાલ, શાહ કેતનકુમાર, શાહ પીનાકિન, શાહ રૂપાબેન, શાંતિલાલ હેમાક્ષી, શર્મા એ., શર્મા પાર્થ, શેઠ હિમાંશુ, શેઠવાલા એફ., સૈયદ અમીની અલી, સૈયદ જાવેદ અલી, સૈયદ મરિયમ, સૈયદ ઝ્યાન, તજુ અદમ, તજુ હસીના, તપેલીવાલા એસ., ઠક્કર એલ., ઠક્કર આર., વાઘેલા એમ., વ્હોરા પી., વ્હોરા યાસ્મીન, વ્હોરા ઝેડ., વાલુભાઈ રામા, વાંસડીયા એ., વાંસડીયા ડી., વોરા સલમાબેન, વોરા જી. હિના, વ્યાસ કોમી

# મ્યાનમારમાં જન્મેલા વિજય રૂપાણી ૫ વર્ષ સુધી રહ્યા ગુજરાતના CM, આવી રહી તેમની રાજકીય સફર

**અમદાવાદ એર ઇન્ડિયાની વિમાન દુર્ઘટનામાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભા સભ્ય વિજય રૂપાણી પણ વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા**




ગુરુવારે અમદાવાદમાં એક ભયાનક વિમાન અકસ્માત થયો. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાન મથકથી થોડે દૂર એર ઈન્ડિયાનું એક પેસેન્જર વિમાન ક્રેશ થયું. મળતી માહિતી મુજબ, વિમાન ઉડાન ભર્યાના થોડા સમય પછી આ અકસ્માત થયો. એર ઈન્ડિયાનું આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. આ વિમાનમાં ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૨૪૨ મુસાફરો હતા.

તો ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વિમાનમાં સવાર હતા. આ ઘટનામાં તેમનું પણ દુઃખદ અવસાન થયું. કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલે આ વાતની પુષ્ટિ કરી છે. વિજય રૂપાણીએ ઓગસ્ટ ૨૦૧૬થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી ગુજરાતના ૧૬મા મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. ભારતીય રાજકારણમાં તેમની પોતાની અલગ ઓળખ રહી છે. ત્યારે આ લેખમાં વિજય રૂપાણીની રાજકીય સફર વિશે જાણીશું.

● વિજય રૂપાણીનું બાળપણ ●

વિજય રૂપાણીનો જન્મ ૨ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ મ્યાનમાર (તે સમયે બર્મા)ની રાજધાની રંગૂનમાં થયો હતો. એવું કહેવાય છે કે ૧૯૬૦માં તેમના પિતા રાજકોટ પાછા ફર્યા હતા. રૂપાણી જૈન વાણિયા સમુદાયના છે. તેમના પિતા એક ઉદ્યોગપતિ હતા. ગુજરાતમાં આવ્યા પછી, તેમનો અભ્યાસ અહીંથી શરૂ થયો. વિદ્યાર્થી જીવનમાં **ABVP**માં જોડાયા.

● રાજકીય સફર●

એવું કહેવાય છે કે વિજય રૂપાણી તેમના વિદ્યાર્થી જીવન દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ **(AVBP)**માં જોડાયા હતા. અહીંથી જ તેમણે વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. ૧૯૭૧માં તેઓ જન સંઘમાં જોડાયા અને શરૂઆતથી જ ભાજપમાં રહ્યા.

તમને જણાવી દઈએ કે વિજય રૂપાણી એવા ખરા નેતાઓમાં જાણીતા છે જેઓ શરૂઆતથી જ કોઈ પક્ષમાં જોડાયા અને ક્યારેય પોતાની વિચારધારા બદલી નહીં. એવું કહેવાય છે કે રૂપાણી વિદ્યાર્થી જીવનથી જ જન સંઘ તરફ ઝુકાવ ધરાવતા હતા. બાદમાં વિજય રૂપાણી ધારાસભ્ય બન્યા, રાજ્યમાં મંત્રી રહ્યા, રાજ્યસભાના સાંસદ રહ્યા. ત્યારબાદ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પણ કાર્યભાર સંભાળ્યો.

● પહેલી વાર ક્યારે ધારાસભ્ય બન્યા ?●

તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૪માં તેમણે પહેલી વાર વિધાનસભા ચૂંટણી જીતી હતી. તમને જણાવી દઈએ કે રાજ્યપાલ બન્યા પછી વજુભાઈ વાળાએ પોતાની બેઠક છોડી દીધી હતી અને ત્યારબાદ પેટાચૂંટણી યોજાઈ હતી. આ પેટાચૂંટણીમાં ભાજપે રૂપાણીને ઉમેદવાર બનાવ્યા હતા. વિજય રૂપાણીએ તે પેટાચૂંટણી જીતી હતી. તેઓ ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર ગુજરાતના રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય હતા.

બાદમાં, જ્યારે નવેમ્બર ૨૦૧૪માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમના મંત્રીમંડળનો વિસ્તાર કર્યો, ત્યારે રૂપાણીને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું. તેમને પરિવહન, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી હતી. તો વિજય રૂપાણી ફેબ્રુઆરી ૨૦૧૬ થી ઓગસ્ટ ૨૦૧૬ સુધી ભાજપના પ્રદેશ પ્રમુખ પણ રહ્યા. બાદમાં ૭ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને ૨૦૨૧ સુધી મુખ્યમંત્રી રહ્યા.

# આને કહેવાય નસીબ, અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં માત્ર એક વ્યક્તિનો બચ્યો જીવ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૨

અમદાવાદમાં પ્લેન ક્રેશમાં સવાર લગભગ તમામ લોકોના મોત થઈ ગયા છે. પરંતુ આ વિમાનમાં સવાર માત્ર એક વ્યક્તિનો જીવ બચી ગયો છે.




જ્યારે તમારૂ નસીબ સારૂ હોય તો કોઈ તમારો વાળ પણ વાંકો કરી શકે નહીં. આ વાત આજે અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં સાચી પડી છે. અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થવાની સાથે ક્રેશ થઈ ગયું હતું. આ ફ્લાઈટમાં ૨૪૨ (ક્રૂ મેમ્બર્સ સહિત) લોકો સવાર હતા, જેમાં લગભગ બધા લોકોના મોત થયા છે, પરંતુ માત્ર એક વ્યક્તિનો જીવ બચી ગયો છે.

અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં સવાર બધા લોકોના મોત થઈ ગયા છે, પરંતુ એક વ્યક્તિનો જીવ બચી ગયો છે. રમેશ વિશ્વાશકુમાર નામનો વ્યક્તિ પણ આ ફ્લાઈટમાં સવાર હતો, જે દુર્ઘટનાનો શિકાર બની હતી. પરંતુ આ દુર્ઘટનામાં રમેશ વિશ્વાશકુમાર નામના વ્યક્તિનો જીવ બચી ગયો છે. બાકી વિમાનમાં સવાર બધા લોકોના મોત થયા છે.

૨૫૦ લોકોના મોતની આશંકા

અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૨ લોકો સિવાય પ્લેન ક્રેશ થઈને જ્યાં પડ્યું તે મેડિકલ હોસ્ટેલમાં પણ લોકોના મોતના સમાચાર છે. આ દુર્ઘટનામાં આશરે ૨૫૦ જેટલા લોકોના મોત થવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. આ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશો. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે. પુણ્ય પર પણ પૈસા ખર્ચ થશે.

**વૃષભઃ** આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

**મિથુનઃ** આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

**કર્કઃ** સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. પારિવારિક વાતાવરણ પણ રોગગ્રસ્ત રહેશે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

**સિંહઃ** તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.

**કન્યાઃ** આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

**તુલાઃ** આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે. આજે કામના ધંધાથી અપેક્ષિત પરિણામો ન મળવાના કારણે તમારે વધુ દોડધામ કરવી પડી શકે છે. આર્થિક રીતે દિવસ મુશ્કેલ રહેશે.

**વૃશ્ચિકઃ** વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો. બપોરે પછીનો સમય અન્ય કાર્યોમાં સમય પસાર થશે.

**ધનઃ** આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.

**મકરઃ** દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

**કુંભઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો. કેટલાક સારા સમાચાર મળવાથી નિરાશા પણ સમાપ્ત થશે. ધંધાનું કામ ક્રમશ પૂર્ણ થતાં મન હળવું થશે.

**મીનઃ** આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.



# ફિલ્મી ગપશપ

## ક્રોએશિયામાં વેકેશન માણવા ગયેલ શિલ્પા શેટ્ટી વિવાદમાં : રેસ્ટોરન્ટમાં બોલાચાલી કરી

મુંબઈ, તા.૧૨

શિલ્પા શેટ્ટી તેના પતિ રાજ કુન્દ્રા અને પરિવાર સાથે ક્રોએશિયામાં છે. તેણે ત્યાં પોતાની પચાસમી વર્ષગાંઠ ઊજવી હતી. આ ઉજવણી વિવાદોમાં ફેરવાઈ ગઈ છે.



હવે સમાચાર મળ્યા છે કે, શિલ્પા અને તેની ટીમે ત્યાં એક વિદેશી પર્યટક સાથે બોલાચાલી કરી અને એનો વિડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે. જોકે આ વિડિયોમાં શિલ્પા જોવા નથી મળતી, પણ અવાજ સાંભળીને દાવો કરવામાં આવી રહ્યો છે કે આ શિલ્પાનો જ અવાજ છે.

સોશ્યલ મીડિયા પર જે વ્યક્તિએ આ વિડિયો શેર કર્યો છે તેણે ઘટનાક્રમ જણાવતાં કહ્યું હતું, ’આ ઘટના ૨૦૨૫ની ૯ જૂને ક્રોએશિયાના હવાર ટાપુ પર બની હતી. એક વિદેશી મહિલા જમી રહી હતી અને તેઓ (શિલ્પા શેટ્ટી અને ટીમ) મોટેથી બોલી રહ્યાં હતાં.

વિદેશી મહિલાએ તેમને અવાજ ધીમો કરવા કહ્યું. જોકે રાજ કુન્દ્રાએ જવાબ આપ્યો કે તમે નથી જાણતા કે અમે કોણ છીએ. હું એ લાઈનને વિડિયોમાં રેકોર્ડ કરી શક્યો નહીં, કારણ કે આ બધું ખૂબ જ અચાનક બન્યું હતું.’

આ વિડિયોમાં શિલ્પા શેટ્ટી અને તેમનો પરિવાર સ્પષ્ટ રીતે દેખાતો નથી, પરંતુ ફુટેજમાં રેસ્ટોરાંની બહાર હોબાળો, મોટો અવાજ અને ભીડ જરૂર દેખાઈ રહી છે.આ વિડિયો વાઈરલ થયા પછી ઈન્ટરનેટ પર શિલ્પા ટ્રોલ થઈ રહી છે. જોકે આ ઘટના પછી પણ શિલ્પાએ સોશ્યલ મીડિયા પર તેની કેટલીક તસવીરો શેર કરી છે જેમાં તે સમુદ્રના કિનારે પોઝ આપી રહી છે.

ક્રોએશિયાની એક રેસ્ટોરાંમાં શિલ્પા શેટ્ટી અને તેમના પરિવારે કરેલા ઝઘડાનો એક વિડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયો છે જેને લઈને ખૂબ ચર્ચા થઈ રહી છે. આ સ્થિતિમાં શિલ્પાના પતિ રાજ કુન્દ્રાએ સ્પષ્ટતા કરી છે કે ‘મેં આ રેસ્ટોરાંને .મારી પત્નીના જન્મદિવસની ઉજવણી માટે એક વર્ષ અગાઉથી બુક કરી હતી.કમનસીબે, જ્યારે અમે ત્યાં પહોંચ્યાં ત્યારે અમને જણાવવામાં આવ્યું કે અમારું ટેબલ બીજા ગ્રુપને આપી દેવામાં આવ્યું છે, કારણ કે તેમના જણાવ્યા મુજબ એક જ એજન્ટ દ્વારા ’ડબલ બુકિંગ’ની ભૂલ થઈ હતી, જ્યારે મેં અને મારા પરિવારે આ વિશે દલીલ કરી ત્યારે અમને શાંત રહેવા કહેવામાં આવ્યું.એ એક ખાસ સાંજ બનવાની હતી, એ બિનજરૂરી રીતે સ્ટ્રેસફુલ બની ગઈ. મેં આ ફેમિલી-વેકેશનનું એક વર્ષથી વધુ સમયથી પ્લાનિંગ કર્યું હતું, પણ રેસ્ટોરાંના ખરાબ મેનેજમેન્ટને કારણે એ બગડી ગયું હતું.

## રાજયમાં સર્ટીફીકેટ કાઢવાની સિસ્ટમમાં ફોલ્ટ

# ‘ઇ-ઓળખ’ સર્વર ડાઉન : દાખલાની કામગીરી ખોરવાઇ

### જન્મ-મરણના પ્રમાણપત્રો લેવા આવેલા લોકો ગરમીમાં શેકાયા : દોઢ કલાક બાદ માંડ કાર્યવાહી શરૂ થતા લાઇનો હળવી થઇ



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૨

રાજય સરકારના ઈ-ઓળખ સર્વર પર ચાલતી જન્મ-મરણના દાખલાની કામગીરી આજે સવારે ખુલતી કચેરીએ એકાએક ઠપ્પ થઈ ગઈ હતી. સરકારનું આ ઈ-ઓળખ સર્વર બંધ પડતા રાજકોટ સહિત સમગ્ર રાજયમાં જન્મ-મરણના પ્રમાણપત્રોની કામગીરી બંધ થઈ હતી જે ૧૨ વાગ્યા બાદ માંડ શરૂ થતા લોકોને લાઈનમાંથી છુટકારો મળ્યો હતો. આ અંગે જાણવા મળેલી વિગત મુજબ રાજય સરકારનું ઈ-ઓળખ સર્વર આજે સવારે ૧૦.૪૫ કલાકે એકાએક ડાઉન થઈ ગયું હતું. ખુલતી કચેરીએ દાખલાના કામ માટે આવેલા લોકોની લાઈન બહાર લાંબી થતી ગઈ હતી.

પ્રાંગણમાં લોકોની ભીડ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. વિભાગ દ્વારા ઉપર સતત સંપર્ક કરવામાં આવતો હતો પરંતુ પૂરા રાજયમાં આ સર્વર હેઠળની કામગીરી ઠપ્પ હોવાનું જણાવાયું હતું. આખરે ૧૨ વાગ્યા બાદ આ સર્વર ફરી કાર્યરત થયું હતું અને દાખલા કાઢવાની કામગીરી શરૂ થઈ હતી.

નવાઈની વાત એ હતી કે, રાજકોટ કોર્પોરેશનના તમામ સર્વર સહિતની સિસ્ટમ યથાવત હતી. માત્ર સરકારમાંથી ચાલતી ઈ-પોર્ટલની કામગીરી પ્રભાવિત થઈ હતી. કોર્પો.ના આધાર કેન્દ્રો, વેરા શાખા સહિતની કામગીરી રાબેતા મુજબ ચાલુ રહી હતી. જન્મના દાખલામાં સુધારા માટે આમ પણ દરરોજ ભીડ લાગતી હોય છે. નવા ફોર્મેટના દાખલા કાઢવાનું કામ રોજ ચાલે છે.

આ કામ માટે અનેક અરજદારો ઓફિસ ખુલ્યા પહેલા પણ પહોંચી જાય છે. પરંતુ સર્વર ડાઉન હોય કામ થઈ શકયા ન હતા. લોકો ભીડ અને ગરમીમાં અકળાયા હતા પરંતુ કર્મચારીઓએ પણ લાચારી વ્યકત કરી હતી.

અંતે બપોરે ૧૨ વાગ્યા બાદ સર્વર પર કામ ચાલુ થયું હતું અને જન્મ-મરણના દાખલા નીકળવાનું શરૂ થતા રાહત થઈ હતી. જોકે આ પહેલા અનેક લોકો કામ બંધ હોવાનું જાણીને પરત ફર્યા હતા.

# સાસણ સહિત ગુજરાતના તમામ ૨૩ અભ્યારણો ૧૬ જૂનથી બંધ રહેશે

અમદાવાદ,તા.૧૨

ગુજરાતના તમામ ૨૭ અભ્યારણો દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી સસ્તન પ્રાણીઓનો સંવનનનો સમયગાળો હોવાથી એમને ખલેલ ન પડે એ માટે પ્રવાસીઓ માટે સદંતર બંધ રાખવામાં આવે છે. જે અંગે ચાલુ વર્ષે વન સંરક્ષકની કચેરી ગાંધીનગરે જાહેરનામુ બહાર પાડી તમામ અભ્યારણ્યો પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવ્યા છે.

હાલમાં જ અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી ગાંધીનગરના તારીખ ૧૦-૦૬-૨૦૨૫ના પત્ર અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તા. ૧૬ જૂન,૨૦૨૫ થી ૧૫ ઓકટોબર,૨૦૨૫ સુધી ગુજરાતમાં આવેલ તમામ અભયારણ્યો પ્રવાસીઓ માટે બંધ રહેશે.

તેવોએ આ બાબતે વધુ ઉમેરતા કહેલું કે, આ સમયગાળો અનેક સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપ વગેરે પ્રજાતિ માટે પ્રજનનકાળ (સંવનન) હોય છે. જેમાં અવરોધ




### ચાર માસ સુધી મુલાકાતીઓને પ્રવેશબંધી

થવાની શક્યતાઓને ધ્યાને લેતા ગુજરાતનાં તમામ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પ્રવાસીઓને પ્રવેશ આપવાની મનાઈ ફરમાવી છે.

૧૬ ઓકટોબર ૨૦૨૫ બાદ ઉપરોક્ત સ્થળો પર પ્રવાસીઓને જવાની છૂટ રહેશે. આથી સાણંદ ખાતે આવેલ નળસરોવર પક્ષી અભયારણ્ય પણ ૧૨૦ દિવસ બંધ રહેશે.

# હૃદયને લગતી વિવિધ સમસ્યાઓ માટે અમદાવાદની ફેમશ ઝાયડસ હોસ્પિટલ દ્વારા યોજાયો ‘હૃદયમંચ’

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૨

અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ દ્વારા વૈષ્ણવ સંપ્રદાયનાં ‘સમસ્ત વીસનગર વણિક સમાજના’ લોકો માટે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનમાં ‘‘હૃદયમંચ’’ હેલ્થ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝાયડસ હૉસ્પિટલનો કાર્ડિયાક સાયન્સ વિભાગ એક જ છત હેઠળ કોમ્પ્રિહેન્સિવ હાર્ટ કેર, નોન-ઈન્વેસિવ, મિનિમલી ઈન્વેસિવ તેમજ સર્જીકલ પ્રોસીજર સહિત વ્યાપક સંભાળ પૂરી પાડે છે.

અહીંના અનુભવી અને પ્રતિષ્ઠિત કાર્ડિયાક સર્જન તેમજ કાર્ડિયોલૉજિસ્ટની ટીમ સચોટ નિદાન અને અસરકારક સારવાર સુનિશ્ચિત કરવા માટે સૌથી અદ્યતન ટેકનોલોજી અને અત્યાધુનિક સુવિધાઓનો ઉપયોગ કરે છે. અહીં નાનામાં નાની તકલીફથી લઈને જટિલ સર્જરીઓના નિવારણ થાય છે તો તેની સાથે




સફળતાપૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પણ કરવામાં આવ્યું છે.

હૃદયમંચ કાર્યક્રમમાં ઝાયડસના અનુભવી અને નિષ્ણાંત સિનિયર કાર્ડિયાક સર્જન અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ. રાજેશ દેસાઈ, ડૉ. સંદીપ અગ્રવાલા અને સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ ડૉ. સુનીલ થાનવી, ડૉ. ભાવેશ રોય, ડૉ. અભિષેક ત્રિપાઠી, ડૉ. કેતન વેકરીયા તેમજ ડૉ. નીરજ યાદવે હૃદયને સંબંધિત વિવિધ મુદ્દાઓ જેમ કે હાર્ટ ફેઈલ - હાર્ટ અટેક અને કાર્ડિયાક અરેસ્ટ વચ્ચેના તફાવત, તેને કેવી રીતે અટકાવી શકાય, પેસમેકર, સ્લીપ એપનિયા, રોજિંદા જીવનમાં આહાર, વ્યાયામથી કેટલો ફાયદો થઈ શકે તેની દરેકને સમજાય તેવી સરળ ભાષામાં વિસ્તૃત માહિતી આપી. તેની સાથે ઈમર્જન્સી વિભાગના હેડ ડૉ. કેતન પટેલે ૐઈ અને તેના મહત્વ વિશે સમજાવ્યું.

# સુપ્રીમ કોર્ટે સગીર પર બળાત્કારના દોષિતોની આજીવન કેદની સજાને પડકારતી અપીલ ફગાવી

નવીદિલ્હી,તા.૧૨

ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને ન્યાયાધીશ મનમોહનની બેન્ચે છત્તીસગઢ હાઈકોર્ટના નિર્ણય સામે દોષિતો સંજય પૈકરા અને પુષ્પમ યાદવની અપીલ ફગાવી દીધી. બંને દોષિતોની અપીલ ફગાવી દેતા બેન્ચે કહ્યું કે આ ખૂબ જ ગંભીર મામલો છે. તમે, વાન ડ્રાઈવર સાથે મળીને, એક સગીર શાળાની છોકરીનું અપહરણ કર્યું અને તેના પર બળાત્કાર કર્યો. અમને આમાં કોઈ પણ પ્રકારની છૂટની જરૂર નથી. તે ફગાવી દેવામાં આવે છે.

બેન્ચ એ દલીલ સાથે સહમત ન હતી કે છોકરીની સંમતિ હતી અને જ્યારે તેને એકાંત કારાવાસમાં રાખવામાં આવી ત્યારે તેણે કોઈ અવાજ કર્યો ન હતો. બેન્ચે કહ્યું કે તે સગીર છે. આ સાબિત થઈ ગયું છે અને હવે બીજા કોઈની જરૂર નથી.

૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ,



હાઈકોર્ટે ૨૦૧૯ ના અપહરણ અને બળાત્કાર કેસમાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું હતું, જેમાં પૈકરા, યાદવ અને ત્રીજા આરોપી સંતોષ કુમાર ગુપ્તા, એક સ્કૂલ વાન ડ્રાઈવરને સાતમા ધોરણની વિદ્યાર્થીનીનું અપહરણ અને બળાત્કાર કરવાના ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. અગાઉ, ટ્રાયલ કોર્ટે ૫ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. આજીવન કેદ ઉપરાંત, કોર્ટે તેમના પર ૧,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

## સમભાવ જાગે તેનું નામ સ્મશાન

# સ્મશાનમાં રાજા આવે કે રંક કે મૂર્ખ આવે કે વિદ્વાન, સૌના શરીર ની ત્યાં રાખ જ થાય છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



કાળઝાળ ગરમી વચ્ચે ગ્લોબલ વોર્મિંગ અસરતળે ચોમાસું જે નજીક આવ્યું હતું તે પાછું ઠેલાયું છે.હવે કુદરત ક્યારે કૃપા કરે પણ મેઘરાજા અબોલ જીવોના તફડિયા જોઈ પધારે.. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો સ્મશાને રોજ જવાની જરૂર નથી.પણ, સ્મશાનને રોજ યાદ કરવાની જરૂર છે.શંકર સ્મશાનમાં વિરાજે છે.શંકર જ્ઞાનના દેવ હોવાથી સ્મશાનમાં રહે છે. સ્મશાનમાં સમભાવ જાગે છે તેથી જ્ઞાન પ્રગટ થાય છે.એથી સ્મશાન જ્ઞાન ભૂમિ છે. સમભાવ જાગે તેનું નામ સ્મશાન. સ્મશાનમાં રાજા આવે કે રંક કે મૂર્ખ આવેકે વિદ્વાન,સૌના શરીર ની ત્યાં રાખ જ થાય છે. સમભાવ એટલે વિષયભાવનો અભાવ.સમભાવ એ જ ઈશ્વર ભાવ. મનુષ્ય સર્વમાં સમભાવ રાખી વ્યવહાર કરે તો તેનું મરણ સુધરે છે. સર્વમાં ઈશ્વરભાવ જાગે તો દીનતા આવે, દૈન્ય આવે. પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન પણ દૈન્ય છે.ભાગવતની કથા અમર છે. અમર કથાનો આશ્રય લે તે અમર બને છે. પરીક્ષિત, શુકદેવજી અમર છે.ભાગવતની કથા તમને ભક્તિ રસનું દાન કરે છે, ને અમર બનાવે છે.મીરાંબાઈ દ્વારિકાધીશ માં અને ગૌરાંગ પ્રભુ જગદીશમાં સદેહે શમી ગયાં અને અમરબન્યાં માટે ભાગવતની કથા સાંભળો.યોગ કે તપ વિના ભગવાનને મેળવવાનું સાધન એટલે ભાગવત શાસ્ત્ર.

બુદ્ધિનો પરિપાક,જ્ઞાનનો પરિપાક, જીવનનો પરિપાક થાય પછી વ્યાસજીએ આ ગ્રંથની રચના કરી છે. ભગવાનના નામના જપ કરતાં પ્રેમથી આ કથા શ્રવણ કરજો. તમે નિઃસંદેહ થશો. ભાગવત નારાયણરૂપ છે પરિપૂર્ણ છે. તેના શ્રવણથી નાસ્તિક હશે તે આસ્તિક થશે.આસ્તિકને માર્ગદર્શન મળશે. શુકદેવજીએ બધું છોડયું પણ આ કથા છોડી નહિ.આત્મારામ કોટીના મહાત્મા ઓ પણ આ શ્રીકૃષ્ણ કથામાં પાગલ બને છે. સિદ્ધ, આસ્તિક, નાસ્તિક, પામર દરેકને આ કથા દિવ્ય જીવનનું દાન કરે છે. વ્યવહારનું જ્ઞાન પણ ભાગવતમાં આવશે.ભાગવતમાં ભક્તિયોગ જ્ઞાનયોગ,કર્મયોગ,સમાજધર્મ, સ્ત્રી ધર્મ,આપદધર્મ,રાજનીતિ વગેરેનું જ્ઞાન ભર્યું છે.આ એક જ શાસ્ત્ર એવું છેકે જેનું શ્રવણ- મનન કર્યા પછી કંઈ જાણવાનું બાકી રહેતું નથી.વ્યાસજી કહે છે કે,મારા ભાગવતમાં નથી તે જગત ના કોઈ ગ્રંથમાં નથી.ભાગવતમાં છે તે બીજા ગ્રંથમાં છે. ભાગવતશાસ્ત્રએ પરિપૂર્ણ નારાયણનું દિવ્ય સ્વરૂપ છે.

વ્યાસાશ્રમમાં ભાગવતના આરંભ માં પૂજન માટે વ્યાસજીએ ગણપતિ મહારાજનું આવાહન કર્યું,એટલે ગણપતિ મહારાજ પ્રગટ થયા. વ્યાસજીએ કહ્યું, મારે ભાગવતશાસ્ત્રની રચના કરવી છે. પરંતુ લખે કોણ? ગણપતિ કહે, લખવા તૈયાર છું. પરંતુ હું એક ક્ષણ પણ નવરો નહીં બેસું. ગણપતિનું વાહન ઉંદર છે. ઉંદર એટલે ઉદ્યોગ. ઉદ્યોગ ઉપર બેસે તેની રિદ્ધિસિદ્ધિ દાસી થાય છે. સતત ઉદ્યોગ કરો તો રિદ્ધિસિદ્ધિ તમારી દાસી થશે.

પ્રત્યેક કાર્યના આરંભમાં ગણપતિ નું પૂજા કરવામાં આવે છે, કારણ કે ગણપતિ વિઘ્નહર્તા દેવ છે. ગણપતિનું પૂજન કરવું એટલે જિતેન્દ્રિય થવું.

ગણપતિ મહારાજ થયા છે લેખક અને વ્યાસજી થયા છે વક્તા. ગણપતિએ કહ્યું, ‘હું એક ક્ષણ પણ નવરો નહીં બેસું. ચોવીસ કલાક તમારે કથા કરવી પડશે.‘ ત્યારે વ્યાસજીએ કહ્યું કે હું જે બોલું તે યોગ્ય છે કે અયોગ્ય તે સમજી વિચારપૂર્વક લખજો.સો શ્લોક થાય એટલે વ્યાસજી એક ફુટ શ્લોક મૂકે.ગણપતિ તેનો વિચાર કરવામાં રહે, એટલામાં વ્યાસજી પોતાનાં બીજાં કાર્યો પતાવી લે.ભાગવતમાં અનેક વખત એવા પ્રસંગો આવે છે, જેનો લક્ષ્યાર્થ શું છે તેનો વક્તા- શ્રોતા વિચાર કરે કહે છે કે, હિરણ્યાક્ષના મુકુટની ટોચ સ્વર્ગને અડતી હતી અને એના શરીરથી દિશાઓ ઢંકોઈ જતી હતી.લોભ દહાડે દહાડે વધે છે તેબતાવવાનો આનો હેતુ છે.

સત્ કર્મમાં વિઘ્ન આવે છે તેથી માત્ર સાત દિવસની કથાનો ક્રમ બતાવ્યો છે.સત્ અને શનકાદિક ની કથા એકહજાર દિવસ ચાલેલી વિઘ્ન ન આવે તે માટે વ્યાસજી પ્રથમ શ્રી ગણેશાય નમઃ કહી ગણપતિ મહારાજને વંદન કરે છે.તે પછી સરસ્વતીને વંદન કરે છે.સરસ્વતીની કૃપાથી મનુષ્ય માં સમજ આવે છે,તે પછી સદ ગુરુને વંદન કરે છે.તે પછી ભાગવતના પ્રધાનદેવ શ્રીકૃષ્ણને વંદન કરે છે.

વૃદ્ધાવસ્થામાં ભાગવતશાસ્ત્રની રચના કર્યા પછી વ્યાસજીને ચિંતા થઈ કે આ શાસ્ત્ર હું કોને આપું? ભાગવતની રચના કર્યા પછી મેં કલમ મૂકી દીધી છે. બહુ બોલ્યો, બહુ લખ્યું! પ્રભુથી વિખૂટા પડેલા જીવો મારા શ્રીકૃષ્ણની સન્મુખ આવે તે માટે મેં ભાગવતશાસ્ત્ર બનાવ્યું છે.ભાગવતએ પ્રેમશાસ્ત્ર છે.આ પ્રેમશાસ્ત્રનો પ્રચાર જે અતિશય વિરક્ત હોય તે જ કરી શકે. શ્રીકૃષ્ણ સિવાય બીજા સાથે પ્રેમ કરનારો.આ કથાનોઅધિકારી નથી. આવો કોણ મળે? સંસારસુખ ભોગવ્યા પછી ઘણાને વૈરાગ્ય આવે છે. પણ જન્મથી વૈરાગ્ય અપનાવેલું હોય તેવોકોણ મળે? કોઈ લાયક પુત્રને આ જ્ઞાન આપી દઉં, જેથી તે જગતનું કલ્યાણ કરે. આવા વિચારે વૃદ્ધાવસ્થામાં પુત્રેષણા જાગી, ભગવાન શંકર વૈરાગ્યનું સ્વરૂપ છે. ‘શિવજી મારા ઉપર કૃપા કરે અને મારે ત્યાં પુત્ર રૂપે અવતરે તો કાર્ય થાય.’

વ્યાસજીએ શંકરની આરાધના કરી. શિવજી પ્રસન્ન થયા. વ્યાસજીએ માગ્યું.સમાધિમાં આપ જે આનંદ આપ ભોગવોછો તે જગતને આપવા આપ મારે ઘરે પુત્રરૂપે પધારો!તમારે આવવાની જરૂર નથી પણ અનેક જીવોનું કલ્યાણ કરવા આપ આવો. તમને માયા શું અસર કરી શકવાની હતી?શિવજીએ વિચાર્યું સમાધિ માં હું જે આનંદનો અનુભવ કરું છું તે જગતને ન આપું તો હું એકલપેટો ગણાઉં.એટલે શિવજી અવતાર લેવા તૈયાર થયા. શુકદેવજી ભગવાન શિવનો અવતાર હતા એટલે તેઓ જન્મ થી પૂર્ણ નિર્વિકાર છે. જે જન્મથી વિરકત હોય તેને સોળઆની વૈરાગ્ય કહેવાય.

જ્ઞાની પુરુષો માયાનો સંગ રાખતા નથી.જ્ઞાની પુરુષો માયાથી અસંગ રહેવા પ્રયત્ન કરેછે,ત્યારે વૈષ્ણવો માયામાં પણ ઈશ્વરનો અનુભવ કરે છે.શુકદેવજીના જન્મથી કથાઓ અન્ય પુરાણોમાં છે. શુકદેવજી સોળ વર્ષ સુધી માના પેટમાં રહ્યા છે. માના પેટમાં સોળ વર્ષ સુધી પરમાત્માનું ધ્યાન કર્યું છે.વ્યાસજીએ પુછયું કે,તું કેમ બહાર આવતો નથી.શુકદેવજીએ જવાબ આપ્યો,હું સંસારના ભય થી બહાર આવતો નથી?મને માથાથી બીક લાગે છે.ત્યારે ભગવાને આશ્વાસન આપ્યું કે મારી માયા તને વળગી શકશે નહીં. તે પછી શુકદેવજી માતાના ગર્ભમાંથી બહાર આવ્યા. શુકદેવજીની બ્રહ્મનિષ્ઠા, વૈરાગ્ય અને અલૌક્કિ પ્રેમલક્ષણા ભક્તિ જોઈ વ્યાસજી પણ શુકદેવજીને માન આપે છે. જન્મ થતાં વેંત શુકદેવજી વન તરફ જવા લાગ્યા. અરણીદેવીએ પ્રાર્થના કરી કે, મારો દીકરો મને છોડીને જાય છે તે માટે તમે તેને રોકો!ત્યારે વ્યાસજી સમજાવે છે કે,તે તો જગતનું કલ્યાણ કરવા જાય છે. પણ પછી તો વ્યાસજી પણ વિહુવળ થાય છેને મહાજ્ઞાની હોવા છતાં પુત્રની પાછળ પાછળ દોડે છે.વ્યાસ નારાયણ શુકદેવજી ને બોલાવે છે કે, હે પુત્ર પાછો વળ! મને છોડીને જઈશ નહીં. હું તને લગ્ન કરવા આગ્રહ નહીં કરું. પરંતુ શુકદેવજી તો શ્રીકૃષ્ણના ધ્યાનમાં મગ્ન છે. ત્યાં હવે કોણ પિતા?કોણ માતા?લૌકિક સંબંધ નું વિસ્મરણ થાય છે ત્યારે બ્રહ્મ સંબંધ થાય છે. લૌકિક સંબંધનું સ્મરણ છે, ત્યાં સુધી ઈશ્વરમાં આસક્તિ થતી નથી.

શુકદેવજી વૃક્ષો દ્વારા જવાબ આપે છે કે,તમને પુત્ર દેતાં દુઃખ થાય છે,પણ અમને જો કોઈ પથ્થર મારે તો તેને ફળ દઈએ છીએ. વૃક્ષનો પુત્ર છે ફળ. પથ્થર મારનારને ફળ આપે એજ વૈષ્ણવ તો તમે પુત્ર વિયોગથી શું કામ રડો છો?તમારો પુત્ર જગતનું કલ્યાણ કરવા જાય છે. વ્યાસજી વ્યગ્ર છે.ત્યારે શુકદેવજીએ કહ્યું કે, આ જીવ અનેક વખત પુત્ર બન્યો અને અનેક વખત પિતા બન્યો છે. પિતાજી, તમે મારા પિતા નથી, હું તમારો પુત્ર નથી,તમારા અને મારા સાચા પિતા નારાયણ છે. મને જે આનંદ મળ્યો છેતે આનંદજગતને આપવા હું જાઉં છું. વ્યાસજી કાંઈ આ નહોતા જાણતા એમ નહીં. તેઓ તો સર્વજ્ઞ હતા. જાણતા જ હતા જે વાસનામાં બંધાયેલો જીવ અનેક વખત પિતા-પુત્ર,સ્ત્રી,પતિ બને છે. અનેક વખત પૂર્વજન્મના શત્રુ ઘરમાં આવે છે. વાસનાના કારણે દાદો જ પૌત્ર બનીને આવે છે. તમારા મારા અનેક જન્મ થાય છે.પૂર્વજન્મ યાદ નથી રહેતો એ સારું જ છે. ત્યાંથી શુકદેવજી નર્મદા કિનારે આવ્યા.

શુકદેવજીએ વ્યાસજીને કહ્યું કે, ‘આ કાંઠે હું બેસું છું, સામે કાંઠે તમે વિરાજો. પિતાજી મારું ધ્યાન ન કરો, દૂરથી ભલે નિહાળો પણ ધ્યાન તો પરમાત્માનું જ કરો.‘ જે પરમાત્મા પાછળ પડે છે તે જ્ઞાની છે. ભાગવતની કથા સાંભળ્યા પછી તમે પૈસા પાછળ ન પડો પણ પરમાત્માની પાછળ પડો તો કથા સાંભળી સાર્થક થશો. પછી વ્યાસજી પત્નીને સમજાવે છે કે, તને જે સુખ ખૂબ ગમે છે તે અંતર્યામીને અર્પણ કરજે. જે ખૂબ ગમતું હોય તે પ્રભુને આપીએ તો આપણે પ્રભુને ગમીએ!

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હૃદય મનને શાંત કરવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બનાસકાંઠા જિલ્લાના ૨ મુસાફર સવાર હતા

# પાડોશીએ કહ્યું- 'એમના દીકરાના ઘરે શ્રીમંત હોવાથી અમદાવાદથી લંડન જવા નીકળ્યાં હતા'

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૨

૧૭૧-એર ઈન્ડિયા બોઈંગ પ્લેન ક્રેશ થયું છે. અમદાવાદથી લંડન જતા વિમાનની દુર્ઘટનામાં બનાસકાંઠા જિલ્લાના પણ બે લોકો સવાર હતા. પ્રાથમિક માહિતી અનુસાર, પાલનપુરના લક્ષ્મણ ટેકરી વિસ્તારના રહેવાસી લાભુબેન ઠક્કર અને રમેશભાઈ ઠક્કર આ વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા.

વિમાન દુર્ઘટનાની જાણ થતાં લાભુબેન ઠક્કરના પાડોસીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. મુસાફરોની યાદીમાં સ્વજનોનું નામ જોતાં જ સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો છે.





સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ અંગેની વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. મુસાફરોના પરિવારજનો સાથે સંપર્ક સાધવાના પ્રયાસો ચાલુ છે.

પાડોશી રાકેશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, એમના છોકરાને ત્યાં શ્રીમંત હોવાથી આજે સવારે છ વાગ્યે પાલનપુરથી અમદાવાદ જવા નીકળ્યા હતા. જ્યાંથી ૧.૧૦ વાગ્યે એમની લંડન જવાની ફલાઈટ હતી. થોડીવાર પછી અમને સમાચાર મળ્યા કે આ ફલાઈટ ક્રેશ થઈ છે. હજી વધુ માહિતી નથી પણ એમનો ફોન બંધ આવે છે.

લાભુ બહેનના મકાનમાં ભાડેથી રહેતા ચેતના બહેને જણાવ્યું કે, અહીંયા ૪૦-૪૫ વર્ષથી રહેતા હતા, એમનો સ્વભાવ બહુ સારો હતો.

એ એમના દીકરાના ઘરે શ્રીમંત હોવાથી આજે સવારે અહીંથી અમદાવાદ જવા નીકળ્યા હતા.

સોસાયટીના અન્ય રહિશોએ જણાવ્યું હતું કે, એ બેંકમાં નોકરી કરતા હતા, ચાર પાંચ વર્ષ રહેલાં જ રિટાયર્ડ થયા હતા. બહુ સારા માણસ હતા, ક્યારેય કોઈ જોડે મગજમારી નથી. કોઈ એમની જોડે કામ લઈને આવ્યું હશે તો પણ એ તુરંત કરતા.

## ચોમાસું નજીક આવતા પાળાબંધીની કામગીરી હાથ ધરી જો વરસાદ પડે તો ભ્રષ્ટાચાર આચરી શકાય ગ્રામજનો દ્વારા કરાયો આક્ષેપ..!

# સુઈગામના ગામડાંઓમાં પાળાબંધીના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપોઃ કોન્ટ્રાટકર કામમાં વેઠ વાળતો હોવાની ફરિયાદ

### જુના પાળા પર થોડીઘણી માટી નાખીને કામ થયેલ છે તેવો દેખાવ કરી રહ્યા છે.ગ્રામજનો એ કર્યા આક્ષેપ..!

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના સરહદી સુઈગામ તાલુકાના મોરવાડા, મસાલી, બોરૂડા,કટાવ,ગરામડી વગેરે ગામોમાં સિંચાઈ વિભાગ ડીસા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે જુના પાળા રિફેશ કરવામાં આવી રહ્યા છે જેમાં કોન્ટ્રાકટર દ્વારા ઢંગધડા વગરનુ કામ જે.સી.બી.મશીન દ્વારા કરવામાં આવી રહ્યું છે જુના પાળાની બાજુમાંથી સામાન્ય માટી લઈને માત્ર દેખાવ પુરતું માટીકામ કરીને ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાના આક્ષેપો ગામજનો દ્વારા કરવામાં આવ્યા છે સ્થળ પર જવાદાર તંત્રના





(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

કોઈ કર્મચારીઓ હાજર જોવા મળતા નથી માત્ર રામભરોસે કામ થયું રહ્યું છે પાળાની ઉપરની ટોચ પણ બાંધવામાં આવતી નથી જેના કારણે વરસાદ દરમિયાન માટી ધોવાઈને નીચે આવી જેના કારણે કરેલા કામના નાણાં વ્યર્થ જશે પાળાની કેટલી ઉચાઈ કે પહોળાઈ તેનુ પણ કોઈ માપદંડ ન રાખીને કામ કરવામા આવતું નથી અને વાહલાદવ્હાલ નિતિ અપનાવી ગામલોકો ને ઝધડાવી ને કોન્ટ્રાકટર દ્વારા મનફાવે તેમ પાળા રિફેશ કરવામાં આવી રહ્યા છે જેના કારણે સરકાર દ્વારા જે હેતુથી કામ કરવામાં આવી રહ્યું છે તેનો કોઈ જ ઉદેશ્ય રહેતો નથી ચોમાસના વરસાદ દરમિયાન વ્યવસ્થિત કામગીરી કરી ન હોવાથી પાળા ધોવાઈ જશે તેમજ પાણીનો સંગ્રહ પણ થઈ શકશે નહીં આમ સરહદી વિસ્તારમાં લોકો ઉપયોગી વિકાસના કામોમાં કોન્ટ્રાકટર દ્વારા ખુલે આમ ભ્રષ્ટાચાર થતો હોવાથી ઉચ્ચ કક્ષાએ થી તપાસ કરવામાં આવેલ તેવી લોક માંગ કરી રહ્યા છે આ બાબતે અમારા પ્રતિનિધિ દ્વારા ડીસા સિંચાઈ વિભાગના અધિકરી ગઢવી નો ફોન પર સંપર્ક કરતાં તેઓએ ફોન રિસિવ કર્યો ન હતો.

## અંબાજી ખાતે ૧૦૦૮ બહેનો એક સાથે કરશે વૃક્ષારોપણ

# ઓપરેશન સિંદૂર સન્માનમાં ૧૪ જૂને સિંદૂર વનનું નિર્માણ થશે, મુખ્યમંત્રી રહેશે ઉપસ્થિત

(ગરવી તાકાત) અંબાજી તા.૧૨

આગામી ૧૪ જૂન ૨૦૨૫ના રોજ યાત્રાધામ અંબાજી ખાતે સિંદૂર વનનું નિર્માણ થશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમ દરમિયાન ૧૦૦૮ બહેનો એક સાથે સિંદૂર વૃક્ષનું વાવેતર કરશે.

ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરના સન્માનમાં ગુજરાત સરકારે આ પહેલ કરી છે. આ કાર્યક્રમ શૌર્ય, આધ્યાત્મિક અને પર્યાવરણ સંરક્ષણના દષ્ટિકોણે મહત્વનો બનશે.

કાર્યક્રમના સફળ આયોજન માટે બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. કલેક્ટરે જણાવ્યું કે



સિંદૂર વન કાર્યક્રમ માત્ર વૃક્ષારોપણ નથી. તે શૌર્ય, સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને પર્યાવરણ પ્રત્યેની સંવેદના દર્શાવે છે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવે, વન સંરક્ષક ચિરાગ અમીન અને અધિક જિલ્લા કલેકટર સી.પી.પટેલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. કલેક્ટરે તમામ વ્યવસ્થાઓ સુચારુ રીતે ગોઠવવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

## શ્રી એન (બાજરી) ને દૈનિક આહારમાં સમાવવા માટે એક જાગૃતિ કાર્યક્રમ

# CISF મહેસાણાના 'શ્રી અન્ના' અભિયાનની સફળતા : ફોર્સ સભ્યોના ભોજનમાં શ્રી અન્નાનો વપરાશ 30% થી વધુ વધ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

૦૯.૦૬.૨૦૨૫ ના રોજ **CISF** યુનિટ **ONGC** મહેસાણા ખાતે સામાજિક સંસ્થા, પેટ્રન પ્રમુખ શ્રીમતી અંજુ પી અને ફોર્સ સભ્યોના પરિવારોની સંડોવણી સાથે શ્રી અન્ના (મિલેટ્સ) ની ઉપયોગીતા અને મહત્વ શેર કરવામાં આવ્યું હતું.

આ સંયુક્ત પ્લેટફોર્મ દ્વારા, શ્રી એન (બાજરી) ને દૈનિક આહારમાં સમાવવા માટે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં, શ્રી એન (બાજરી) ના વપરાશની ટકાવારી અને શ્રી એન (બાજરી) ના ફાયદા, ઉપયોગિતા અને વિવિધ તાલીમ અને જોડાણ અંગે **CISF** ફોર્સ હેડક્વાર્ટર દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેની વિગતો નીચે મુજબ છે.



આ સિદ્ધિ તરફની સફર સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય શ્રી ફૂડ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવી હતી, જે ભારતના સતત પ્રયાસોનું પ્રમાણ છે. ત્યારબાદ, ગૃહ મંત્રાલયે ૦૪.૦૫.૨૦૨૩ ના રોજ એક આદેશ જારી કરીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે તમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના દૈનિક આહારમાં શ્રી ફૂડનો સમાવેશ કર્યો હતો, જેમાં ૨૦૨૪-૨૫ માટે જવાનોના દૈનિક આહારમાં ૩૦% શ્રી ફૂડનો ચોક્કસ લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.આ સફળતાની વાર્તા એનું જીવંત ઉદાહરણ છે કે કેવી રીતે સતત પ્રયાસો અને નવીન વ્યૂહરચનાઓ સમગ્ર દેશમાં આરોગ્ય અને ટકાઉ પણું માટે સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

# ગુનાહિત પ્રવૃતિઓ રોકવા બ્લેક ફિલ્મ ઉતરાવી નિયમભંગ કરનારા વાહનોને ડિટેઈન કરાયા

(ગરવી તાકાત) વાવ તા.૧૨

થરાદ પોલીસે થરાદના ચાર રસ્તા પાસે ટ્રાફિક નિયમોના અમલ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. આ ઝુંબેશમાં કાળા કાચ લગાવેલા વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ પગલું ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે લેવામાં આવ્યું છે.

થરાદ પોલીસે હાઈવે પર કાળા કાચવાળા અને નંબર પ્લેટ વગરના વાહનોને રોકીને તપાસ કરી. વાહનો પરથી બ્લેક ફિલ્મ ઉતરાવવામાં આવી. નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકોને સ્થળ પર દંડ ફટકારવામાં આવ્યો. કેટલાક કિસ્સાઓમાં વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા.



થરાદ ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો આ કાર્યવાહીમાં ઉપસ્થિત રહ્યો.

ડીવાયએસપીએ જણાવ્યું કે ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે પોલીસ વિવિધ ડ્રાઈવ કરી રહી છે. આજથી લાંબા ગાળાની નવી ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઈવમાં બ્લેક ફિલ્મ ધરાવતા અને નંબર પ્લેટ વગરના વાહનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

પોલીસે જણાવ્યું કે ટ્રાફિક નિયમોનું પાલન ન કરનાર વાહનચાલકો સામે આ અભિયાન ચાલુ રહેશે. આ કડક કાર્યવાહીથી કાળા કાચ રાખતા વાહનચાલકોમાં ભયનો માહોલ છે. આનાથી ટ્રાફિક નિયમોનું પાલન વધશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એસ. એમ. સી. ની પુનઃરચના કરવામાં આવી




(ગરવી તાકાત) મહેસાણા તા.૧૨

આજ રોજ વિસનગર તાલુકાની વાલમ ક્લસ્ટર ની વાલમ પરા પ્રાથમિક શાળામાં એસ. એમ. સી. ની પુનઃ રચના અંતર્ગત વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ. એમ. સી. ની શાળામાં ભૂમિકા,જૂના સભ્યોનો ઋણ સ્વીકાર, એસ. એમ. સી. પુનઃ રચના ( સર્વ સંમતિથી),સરકારી શાળાની યોજનાઓ ,શાળા પ્રવેશોત્સવ અને સમાજોત્સવ, શાળાના બાળકોની પ્રવૃતિઓ ,શાળા વિકાસ પ્લાન , શાળા પરિણામ ,વાલીની જવાબદારી ,નિપુણ ભારત – નિપુણ ગુજરાત માર્ગદર્શિકાની સમજ આપવામાં આવી અને તમામ વાલી સાથે ચર્ચા કરવામાં. જેમાં વાલમ સી. આર. સી.સાહેબશ્રી દિપકભાઈ, શાળા પરિવાર તેમજ મોટી સંખ્યામાં વાલી ઉપસ્થિત રહ્યા હતાં.

### પાલનપુર કડવા પાટીદાર બાલમંદિરમાં નવા સત્રનો પ્રારંભ

### ૨૫૮ નવા વિદ્યાર્થીઓએ લીધો પ્રવેશ, સરસ્વતી પૂજન સાથે કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૨

પાલનપુર કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત બાલમંદિરમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ ઉત્સાહભેર કરવામાં આવ્યો હતો. બુધવારે કર્ણાવતના પ્રાંગણમાં નર્સરી અને સોપાનના વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શાળામાં નવા પ્રવેશ મેળવનારા બાળકો માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં માં સરસ્વતીનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ ૨૫૮ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

મંડળના હોદ્દેદારોમાં ખજાનચી યશવંતભાઈ, ઉપપ્રમુખ રણછોડભાઈ, અમરતભાઈ અને કેમ્પસ ડાયરેક્ટર નાગરભાઈએ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં બાલમંદિરના શિક્ષકો, ચિત્રશિક્ષકો અને વ્યાયામ શિક્ષકોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. શાળાના આચાર્ય રમેશભાઈ પટેલ, સુપરવાઈઝર સોનલબેન પંડ્યા અને અશોકભાઈ પટેલે કાર્યક્રમની સફળતા માટે સમગ્ર સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

### હિંમતનગરમાં બમ્પ પર સફેદ કલર નહીં હોવાથી અકસ્માત

### રૂપાલ ચાર રસ્તા પર આઈશર પલટી ખાઈ ઝાડ સાથે અથડાઈ, બે વ્યક્તિને ઈજા



હિંમતનગરના ગાંભોઈ-રણાસણ રોડ પર આવેલા રૂપાલ ચાર રસ્તા પર ગુરુવારે સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. વડાલીથી કઠલાલ તરફ જતી એક આઈશર ગાડી, જેમાં મકાઈના ઠૂંઠા ભરેલા હતા, તે બમ્પ ન દેખાતા પલટી ખાઈને ઝાડ સાથે અથડાઈ હતી.

અકસ્માતમાં આઈશરમાં સવાર છ વ્યક્તિઓ પૈકી બે વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ આઈશરમાં ભરેલા મકાઈના ઠૂંઠા રોડ પર વેરવિખેર થઈ ગયા હતા. આઈશર રોડની વચ્ચે આડી પડી જવાથી કેટલાક સમય માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો. અન્ય વાહનચાલકોની મદદથી આઈશરને રોડ પરથી હટાવવામાં આવી હતી.

સ્થાનિક વેપારીઓ ભાવેશભાઈ નાયી અને અશ્વિનભાઈ પટેલ સહિત અનેક રહીશોએ માર્ગ વિભાગમાં વારંવાર રજૂઆત કરી હોવા છતાં બમ્પ પર સફેદ કલર લગાવવામાં આવ્યો નથી. આ રસ્તા પરથી મોટી સંખ્યામાં વાહનોની અવરજવર થતી હોવાથી સ્થાનિકોએ તંત્રને બમ્પ પર તાત્કાલિક સફેદ કલર લગાવવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં આવા અકસ્માતો ટાળી શકાય.

Volume : 11 Issue : 60 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002